કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ(CSS)ના અમલ માટે અધિકૃત અનૂસૂચિત વાણિજિયક બેન્કમાં રાજ્ય કક્ષાએ દરેક CSS માટે સિંગલ નોડલ એજન્સી(Single Nodal Agency) નિયુકત કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ક્રમાંક: WCDD/MRT/e-file/23/2022/0561/E

સચિવાલય, ગાંધીનગર

તારીખ: /૦૪/૨૦૨૫

<u>વંચાણે લીધા:-</u>

(૧) નાણા વિભાગનો તા.૨૪/૦૫/૨૦૨૧નો પત્ર ક્રમાંક: સીએસએસ /૧૦૨૦૨૦/જીઓઇ-૫૧/એફઆર.

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૬/૦૨/૨૦૨૪મો હુકમ ક્રમાંક: WCDD/MRT/e-file/23/2022/0561/E

(૩) સામાન્ય વહિવટી વિભાગની તા:૧૩/૦૨/૨૦૨૫નો હુકમ ક્રમાંક:GAS/14.2025/0896/G1

<u>હુકમ:-</u>

નાણા વિભાગના સંદર્ભ -૧ હેઠળના તા.૨૪/૦૫/૨૦૨૧ના પત્રથી રાજય સરકારના વહિવટી વિભાગો હસ્તકની કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ(CSS)માટે અસરકારક નાણાકીય સંચાલન સુનિશ્ચિત કરવા તથા જાહેર ખર્ચ વ્યવસ્થાપનની પારદર્શિતામાં સુધારો કરવા, કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ(CSS)ની ગ્રાન્ટ સંબંધિત બાબતો PFMS પોર્ટલ મારફતે કરવાની થતી હોઇ, સંબંધિત વહિવટી વિભાગ દ્ધારા દરેક કેન્દ્ર પુરસ્કૃત યોજના માટે Single Nodal Agency નિયુકત કરવા તથા તેના નીચેની અમલીકરણ એજન્સીઓ (આઇ.એ) નક્કી કરવાની કાર્યવાહી કરવા જણાવેલ છે.

કેન્દ્ર પુરસ્કુત યોજનાઓ(CSS)ના અમલીકરણ માટે single Nodal Agency એ નાણા મંત્રાલય, ભારત સરકાર તથા નાણા વિભાગ દ્ધારા વખતોવખતના ઠરાવ,હુકમ, પરિપત્રો તથા પત્રોથી આપવામાં આપેલ સૂચનાઓ મુજબની જરૂરી આનુષાંગીક કામગીરી કરવાની રહે છે. જે અન્વયે આ વિભાગના સંદર્ભ-૨ હેઠળના તા: ૧૬/૦૨/૨૦૨૪ના હુકમથી વિભાગની કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ(CSS)માટે સિંગલ નોડલ એજન્સી તરીકે નિમણૂક કરવામાં આવેલ છે, પરંતુ સામાન્ય વહિવટ વિભાગની સંદર્ભ-૦૩ હેઠળની તા:૧૩/૦૨/૨૦૨૫ના હુકમથી નિયામકશ્રી(મહિલા કલ્યાણ) તરીકે સુશ્રી.આર.એન.પંડયાને વધારાનો હવાલો સોંપવામાં આવેલ છે. નિયામકશ્રી (મહિલા કલ્યાણ) ને ખાતાના વડા જાહેર કરેલ હોવાથી Single Nodal Agency ના હુકમમાં નિમ્નલિખિત ફેરફાર કરવામાં આવે છે.

૧.મહિલા વિંગ કચેરીને લગતી તમામ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ (CSS)ને લગતી કામગીરી માટે સુશ્રી.આર.એન.પંડયા, નિયામકશ્રી (મહિલા વિંગ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક-૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની Single Nodal Agency તરીકે તા.૧૩/૦૨/૨૦૨૫થી નિયુકિત કરવામાં આવે છે.

જે.આઈ.લેઉવા

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2025.04.21
11:20:52 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

નકલ રવાના:

- નિયામકશ્રી(મહિલા વિંગ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,બ્લોક-૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી (બજેટ), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(પેંશન અને તિજોરી), નાણા વિભાગ, સચિવાલય., ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી,PFMS Cell, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, અ શાખા,મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(એફઆર), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ , સચિવાલય, ગાંધિનગર. વેબસાઇટ પર અપલોડ કરવા હેતુ,.
- શાખા સિલેકટ ફાઇલ -૨૦૨૫.

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2025.04.21
11:20:52 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign